પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૪૫, કુલ પાના:૪, તારીખ: ૧૦-૦૬-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 245 PRICE :-RS. 1.50 DATE : 10-06-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ભારે વરસાદને કારણે મુંબઈના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા

# મુંબઈમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી: અનેક વિસ્તારો જળબંબાકાર

મુંબઈ,

મુંબઈમાં સમય પહેલા જ ચોમાસું શરૂ થઈ ગયું છે. ચોમાસાના આગમન સાથે જ મુંબઈમાં ખતરાની ઘંટડી પણ વગાડી દેવામાં આવી છે અને બુધવારે મુંબઈમાં હાઈ ટાઈડની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગના પૂર્વાનુમાન પ્રમાણે શહેરના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસવાની શક્યતા છે. આ સાથે જ દરિયામાં હાઈ ટાઈડ ઉઠવાનું પણ અનુમાન છે. હવામાન વિભાગે ૧૧:૪૩ કલાકે હાઈ ટાઈડની આશંકા વ્યક્ત કરી છે. તે સમયે દરિયામાં ૪.૧૬ મીટરની ઉંચાઈ સુધીની લહેરો ઉઠી શકે છે. આ કારણે સાવચેતીના પગલારૂપે દરિયા કિનારાના વિસ્તારોને ખાલી કરાવી દેવામાં આવ્યા છે અને અનેક ટીમો મોનિટરિંગ પણ કરી રહી છે. આ ઉપરાંત ભારે વરસાદને કારણે પૂર્વીય એક્સપ્રેસ હાઈવે-ચેમ્બુર ઉપર ટ્રાફિક જામ સર્જાયો છે. વાહનોની લાંબી લાઈનો થઈ ગઈ છે.



આઈએમડી મુંબઈના ઉપ મહાનિદેશક ડૉ. જયંત સરકારે ચોમાસું મુંબઈ પહોંચી ગયું હોવાની માહિતી આપી હતી. ચોમાસું ૧૦ તારીખે મુંબઈ પહોંચવાનું હતું પરંતુ આ વખતે ચોમાસાનું આગમન એક દિવસ વહેલું થયું છે. તેના પહેલા મંગળવારે પ્રી-મોનસૂન વરસાદે મુંબઈને પાણી-પાણી કરી નાખ્યું હતું. અનેક વિસ્તારોમાં રસ્તા જળમગ્ન થઈ ગયા હતા જેથી પરિવહનને પણ મુશ્કેલી નડી હતી. મુંબઈ હિંદમાતા ખાતે રસ્તાઓ પર પાણી ભરાયેલા જોવા મળ્યા હતા.

**મુંબઈ પાણી-પાણી, રોડ-રસ્તાથી લઈને રેલ્વે ટ્રેક પાણીમાં ગરકાવ, ટ્રેક પર પાણી ભરાઈ જતાં લોકલ ટ્રેન સેવા બંધ કરાઈ, એલર્ટ જારી, ૨-૩ દિવસમાં ગુજરાત સહિત ૧૪ રાજ્યમાં ભારે વરસાદનાં એંધાણ**

મુંબઈમાં રેલવે ટ્રેક પણ જળમગ્ન થઈ ગયા છે જેથી લોકલ ટ્રેન સર્વિસ પર પણ અસર પડી છે. લોકોને વરસાદ અને તેના કારણે સર્જાતી મુશ્કેલીઓમાં મદદ કરવા માટે એમએમઆરડીએ દ્વારા ૨૪ કલાક કાર્યરત ઈમરજન્સી મોનસૂન નિયંત્રણ કક્ષ સ્થાપિત કરવામાં આવ્યો છે. તે અંતર્ગત કોઈ પણ વ્યક્તિ ૮૬૫૭૪૦૨૦૯૦ મોબાઈલ નંબર અને ૦૨૨૨૬૫૯૪૧૭૬ લેન્ડલાઈન નંબર પર કોલ કરીને મદદ માટે અપીલ કરી શકશે.

મહારાષ્ટ્રના થાણે જિલ્લા પ્રશાસને ક્ષેત્રમાં ચોમાસાની શરૂઆતને ધ્યાનમાં રાખીને લોકોને ઝરણા, સરોવર અને બંધ પાસે ભેગા થવા પર પ્રતિબંધ મુકી દીધો છે. કેટલાક ખતરનાક સ્થળોની યાદી જાહેર કરીને લોકોને ચોમાસા દરમિયાન ત્યાં ન જવા કહેવામાં આવ્યું છે. થાણે તાલુકામાં યેયૂર, કલવા, મુંબ્રા, રેતીબંદર, ગૈમુખ અને ઉત્તાન દરિયા કિનારે લોકોના ભેગા થવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

# આનંદો...ગુજરાતમાં વિધિવત્ રીતે ચોમાસાનું આગમન: વલસાડ ધોધમાર વરસાદ ખાબક્યો

ગાંધીનગર,

વલસાડ જિલ્લાના વાતાવરણમાં પણ પલટો આવ્યો હતો. ગઈકાલ બાદ આજે પણ મોડી રાતથી વાદળછાયા વાતાવરણ વચ્ચે જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો. રાજ્યનું ચેરાપૂંજી એવા કપરાડા વિસ્તારમાં મેહુલિયાએ ધમાકેદાર એન્ટ્રીની દસ્તક આપી છે. વાપી અને આસપાસના વિસ્તારોમાં મોડી રાતથી વરસાદી ઝાપટાંની શરૂઆત થઈ હતી.

બુધવારે સવારે પણ આકાશ વાદળોથી ઘેરાયું હતું. વરસાદની શરૂઆત થઈ હતી. ગઈકાલે પણ જિલ્લાના વાપી-વલસાડ સહિત અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો, સાથે દાદરા-નગરહવેલીમાં પણ સવારે ભારે વરસાદ પડ્યો હતો. મોડી રાતથી જિલ્લાના અંતરિયાળ વિસ્તાર એવા કપરાડામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. કપરાડા સાથે જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો. મહત્ત્વપૂર્ણ છે કે અત્યારે જિલ્લામાં કેરીની સીઝન ચાલી રહી છે, આથી વરસી રહેલો વરસાદ અને બદલાયેલું વાતાવરણ કેરીના પાક માટે નુકસાનકારક હોવાથી ખેડૂતોમાં ચિંતા વ્યાપી ગઈ છે. જોકે બે દિવસથી જિલ્લામાં છવાયેલા વરસાદી માહોલને કારણે અત્યારથી જ વલસાડ જિલ્લામાં જાણે અષાઢી માહોલ જામ્યો હોય એવું લાગી રહ્યું છે. બે દિવસથી વરસાદી માહોલને કારણે વાતાવરણમાં

(અનુ.પાના.નં.૨)

# પૂર્વીય લદ્દાખમાં ચીને તૈનાતી વધારતા ભારતે રાફેલ તૈનાત કર્યા

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાની બીજી લહેરની તીવ્રતા ઘટી રહી છે ત્યારે લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) ખાતે તણાવ વધી રહ્યો છે. ચીને ફરી એક વખત પૂર્વીય લદ્દાખ ખાતે પોતાની તૈનાતી વધારી દીધી છે. આ સાથે જ ચીની વાયુ સેનાએ તાજેતરમાં જ ભારતીય સરહદ પાસે એક વિશાળ યુદ્ધાભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ બાદ ભારતની ગુપ્તચર એજન્સીઓ ચોંકી ઉઠી છે.



ટોચના સરકારી સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે ચીની વાયુ સેનાના આશરે ૨૦ કરતા પણ વધારે ફાઈટર પ્લેને પૂર્વીય લદ્દાખ ક્ષેત્ર સામે થયેલા યુદ્ધાભ્યાસમાં હિસ્સો લીધો હતો. ગત વર્ષે પૂર્વીય લદ્દાખ ખાતે ચીની સેનાએ જ્યાંથી પોતાના જવાનોને તમામ મદદ પહોંચાડી હતી ત્યાં જ આ યુદ્ધાભ્યાસ કરવામાં આવ્યો હતો.

જાણવા મળ્યા મુજબ ભારતે પોતાની ઉચ્ચ તૈયારીઓ જાળવી રાખવા ઉત્તરી સરહદમાં રાફેલ ફાઈટર પ્લેન સહિત પોતાના ફાઈટર પ્લેન કાફલાને પણ સક્રિય કરી દીધો છે. પ્રાપ્ત અહેવાલો પ્રમાણે ભારતની નજર લદ્દાખ સામે ચીની સરહદ પર આવેલા કાશગર, હોતાન, નગારી ગુન્સા, શિગાત્સે, લ્હાસા ગોગંકર, ન્યિંગચી અને ચમડો પંગટા એરબેઝ પર છે.

સરકારી સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે શિનજિયાંગ અને તિબેટ સ્વાયત્ત સૈન્ય ક્ષેત્ર ખાતે આવેલા ૭ ચીની સૈન્ય ઠેકાણાઓ પર નજર રાખવા માટે ઉપગ્રહો અને મોનિટરિંગના અન્ય રૂપોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ભારતીય વાયુસેનાના ફોરવર્ડ એરબેઝને પશ્ચિમી અને ઉત્તરી મોરચાઓ ખાતે પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર કરવામાં આવ્યો છે.

ભારતીય વાયુસેનાના ફાઈટર પ્લેન પણ એલએસી ખાતે યુદ્ધાભ્યાસ કરતા જોવા મળ્યા હતા. જાણવા મળ્યા મુજબ ચીની પીપલ્સ લિબરેશન આર્મી એરફોર્સએ તાજેતરમાં જ પોતાના અનેક એરબેઝ અપગ્રેડ કર્યા હતા જેમાં રહેવા માટે કેમ્પ નિર્માણ, રનવેની લંબાઈનો વિસ્તાર તથા વધારાની ફોર્સની તૈનાતીનો સમાવેશ થાય છે.

# RBIએ તમામ બેંકને નોટબંધી સમયના CCTV ફૂટેજ સુરક્ષિત રાખવા આદેશ કર્યો

ન્યુ દિલ્હી,

લગભગ સાડા ચાર વર્ષ પહેલા લાગુ થયેલી નોટબંધીના પગલે રાતોરાત ૫૦૦ અને ૧૦૦૦ની નોટોને બેન કરી દેવામાં આવી હતી.નોટબંધીનો મુદ્દો ફરી ચર્ચામાં છે. કારણકે રિઝર્વ બેંકે તમામ બેંકોને એક મહત્વની સૂચના આપીને કહ્યુ છે કે, નોટબંધી સમયે જે પણ સીસીટીવી ફૂટેજ છે તે સુરક્ષિત રાખવામાં આવે. નાણાકીય ગરબડો અને છેતરપિંડીના કેસોની તપાસ કરી રહેલી કેન્દ્રીય એજન્સીઓને આ ફૂટેજની જરૂર પડી શકે છે. બેંકોને નોટબંધી દરમિયાન પોતાની તમામ બ્રાન્ચ અને કરન્સી ચેસ્ટના સીસીટીવી ફૂટેજ સુરક્ષિત રાખવા પડશે.

ઉલ્લેખનીય છે કે, ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ પીએમ મોદીએ નોટબંધીની કરેલી જાહેરાત બાદ ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો રાતોરાત નકામી થઈ ગઈ હતી. આવી કુલ ૧૫ લાખ કરોડ રૂપિયાની નોટો ચલણમાં હતી. આ નોટોનુ બેંકે શુ કર્યુ તે અંગે એક પત્રકારે જ્યારે આરટીઈ એક્ટ હેઠળ જાણકારી માંગી હતી ત્યારે રિઝર્વ બેંકે કહ્યુ હતુ કે, તેનો નાશ કરવામાં આવતો હોય છે.


રિઝર્વ બેંકે આગળ કહ્યુ હતુ કે, નોટોનો કરન્સી વેરિફિકેશન પ્રોસેસિંગ સિસ્ટમ થકી નાશ કરવામાં આવે છે અને તેના ઝીણા ટુકડા કરવામાં આવતા હોય છે. આ ટુકડાને પછી કોમ્પ્રેસ કરીને તેમાંથી ઈંટોના આકારના ટુકડા બનાવવામાં આવે છે. કેટલાક મીડિયા રિપોર્ટસમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે, આ નોટોમાંથી ફાઈલ કવર, કાર્ડબોર્ડ જેવી વસ્તુઓ પણ બનાવવામાં આવતી હોય છે.

નોટબંધી સમયે જૂની નોટો પાછી આવી તે પછી દેશભરમાં ૫૯ મશિનો દ્વારા આ નોટો અસલી છે કે નહીં તેની પહેલા ચકાસણી પણ કરવામાં આવી હતી. એ પછી ૧૫ લાખ કરોડના મૂલ્યની આ નોટોને જમા કરવામાં આવી હતી અને તેનો નાશ કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ હતી.

# રેકોર્ડ લેવલ પર પહોંચ્યા પેટ્રોલ-ડીઝલ, મુંબઈમાં પેટ્રોલ ૧૦૨ રૂપિયાની નજીક

ન્યુ દિલ્હી,

બુધવારે ફરીથી પેટ્રોલ-ડીઝલના ભાવ વધી ગયા છે. ઈંધણ કંપનીઓએ આજે દેશના ચાર મોટા મેટ્રો શહેરોમાં પેટ્રોલના ભાવમાં ૨૫ પૈસા પ્રતિ લિટરનો વધારો કર્યો છે જ્યારે ડીઝલના ભાવમાં ૨૬ પૈસા પ્રતિ લિટર વધારો કર્યો છે. તમને જણાવી દઈએ કે રવિવાર અને સોમવાર સતત ભાવ વધ્યા બાદ મંગળવારે કિંમત સ્થિર હતી. સોમવારે દિલ્લીમાં પેટ્રોલના રેટ ૨૮ પૈસા પ્રતિ લિટર અને ડીઝલના રેટ ૨૭ પૈસા પ્રતિ લિટર વધ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા બાદથી ૨૨મી વાર પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા છે જેમાં ૧૬ વાર એકલા મે મહિનામાં વધ્યા છે. સતત વધતા ભાવોના કારણે પેટ્રોલ અત્યાર સુધી ૪.૯૬ રૂપિયા અને ડીઝલ ૫.૪૩ રૂપિયા મોંઘુ થઈ ચૂક્યુ છે. તમને જણાવી દઈએ કે ૧૩૫ જિલ્લામાં પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયાને પાર થઈ ચૂક્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં પણ ક્રૂડ ઓઈલના ભાવમાં ૨૫-૩૦ ટકા સુધી વધારો થયો છે જેના કારણે પેટ્રોલ-ડીઝલના ભાવ વધી રહ્યા છે. સોમવારે મીડિયા સાથે વાત કરીને કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યુ હતુ કે હાલમાં સરકારની આવક ખૂબ ઓછી થઈ ગઈ છે. આવક ઓછી થવાના કારણે ખર્ચ વધી ગયો છે. એવામાં હાલમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટી ન શકે કારણકે સરકાર પર વધારાનો બોજો પડી રહ્યો છે. વળી, કોંગ્રેસ પક્ષ ૧૧ જૂને પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવો સામે પ્રદર્શન કરશે. કોંગ્રેસના કાર્યકર્તા દેશભરમાં ૧૧ જૂને પેટ્રોલ પંપ સામે સાંકેતિક પ્રદર્શન કરશે.




કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**રાઠવા નટવરસીંગ પ્રવિણભાઈ**

**મુ. અંદરપુરા, તા. ધાનપુર**

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**વડવાલા વિનોદચંદ્ર ચંદુલાલ**

**મુ. ભોરવા, તા. ધાનપુર**

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ભાટપુર દ્વારા ૧૮ થી ૪૪ વર્ષની વયના નાગરિકોને કોરોના વેકસીન આપી સુરક્ષા કવચ પ્રદાન કરાયું


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોના વાયરસથી સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે. કોરોના મહામારીને નાથવા માટે ભારત સરકાર અનેકવિધ પ્રયાસો કરી રહી છે. ત્યારે સાવચેતી એજ સલામતીના મંત્ર સાથે રાજય સરકાર દ્વારા કોવિડ-૧૯ રસીકરણની ઝુંબેશને વેગવાન બનાવવામાં આવી છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ વહીવટી તંત્ર દ્વારા કોરોના સામે બાથ ભીડવા માટે ૧૮ થી ૪૪ વર્ષની વયના યુવાનોને રસી આપવાની ઝુંબેશ ૪ થી જુન થી શરૂ કરવામાં આવી છે. ત્યારે જિલ્લાના યુવાનોમાં કોરોનાની રસી લેવા માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યુવાનોએ વેક્સિનેશન અભિયાનમાં ઉમંગ સાથે જોડાયા હતા અને રસીકરણ કેન્દ્ર ખાતે વેક્સિન લેવા માટે ઉમટી પડયા હતા. યુવાનોમાં કોરોના સામે ખાસી જાગૃતિ જોવા મળી રહી છે અને વેક્સિન એ કોરોના સામેનું અચૂક હથિયાર હોય રાજય સરકારના પ્રયાસમાં યુવાનોનો સહયોગ જોવા મળી રહ્યો છે. જેમા આરોગ્ય ટીમ દ્વારા ૧૮ થી ૪૪ વર્ષની વયના લોકોને કોરોના વેક્સિનનું સુરક્ષા કવચ આપવામાં આવી રહયું છે.

વિરપુર તાલુકાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ભાટપુર દ્વારા તેમના વિસ્તારના ૧૮ થી ૪૪ વર્ષની વયના ૨૦૦ જેટલા નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવેલ તે તમામ ૨૦૦ લાભાર્થીઓને કોરોના વેકસીન આપી સુરક્ષિત કરવામાં આવ્યા હતા. ત્યારે ૧૮ થી ૪૪ વર્ષની વયના લાભાર્થીઓને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતેના વેકશીનેશન કેમ્પમાં કોવિશીલ્ડ વેકસીનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. વેકસીન લઇ રાજેન્દ્રસિંહ બારીયાએ કોરોના વેકસીન વિના મૂલ્યે આપવામાં આવતા સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હું કોરોનાની રસી લેવા માટે ખાસ્સો ઉત્સાહિત હતો. કોરોના સામે કોઇ રામબાણ ઈલાજ હોય તો તે રસી છે, સૌ યુવાનોએ સમયસર રસી લઇ લેવી જોઇએ. રાજય સરકારે ૧૮ થી ૪૪ વર્ષની વયના તમામ લોકોને વેક્સિન આપવાનું શરૂ કરાયું છે. ત્યારે સૌ યુવાનોએ તેનો લાભ લેવો જોઇએ કોરોના વેકસીન સુરક્ષિત છે અને રસીકરણએ આપણા અને આપણા પરિવારના આરોગ્ય માટે જરૂરી છે. જયમલભાઇ બારીયાએ એ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી કોરોના વેકસીન સંપૂર્ણ સલામત અને સુરક્ષિત છે. જેથી લોકોએ કોરોના વેકસીન લેવાનો આગ્રહ રાખી સરકારના વેકસીન ઝુંબેશમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. ત્યારે જયેન્દ્રસિંહ બારીયા પોતે સુરક્ષિત થઇ પરીવારને પણ સુરક્ષિત કરવા અપીલ કરી હતી. સાથે સાથે કોરોનાની રસી મુકાવ્યા પછી પણ અમે માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્ત રીતે પાલન કરવું જોઇએ તેમ જણાવ્યું હતું. કોરોના વેકસીન અભિયાનમાં આરોગ્ય વિભાગના આયુષ મેડીકલ ઓફિસર ડૉ. ધર્મેન્દ્ર ઠાકોર, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર કલ્પેશભાઈ પટેલ, ફીમેલ હેલ્થ વર્કર રોશનબેન ખાંટ, શાંતાબેન પ્રજાપતિ સહિતની આરોગ્ય ટીમે ફરજ બજાવી હતી. ત્યારે તાલુકા હેલ્થ ઓફિસર ટી એચ માલીવાડ, તાલુકા વિકાસ અધિકારી બી.કે.કટારા, લાયઝન અધિકારી સમીરભાઈ પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ લાભાર્થીઓને મહત્ત્વના સંદેશા જેવા કે કોવીડ-૧૯ અનુરૂપ વ્યવહાર રસી લીધા બાદ પણ જાળવી રાખવા માટે સુચના આપી હતી.

## મહીસાગરમાં આજે ૦૫ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૭૪૬૭ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૯-૦૬-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૬૭ કેસ પોઝીટીવ નોંધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની-૦૪ સ્ત્રી, ૦૨ પુરૂષ અને સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૩૧૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૬૦૬૯૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૬૪ દર્દી હોમઆઇસોલેશનમાં, ૦૧ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૦૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૦૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૪ દર્દીઓ સ્ટેબલ, ૧૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

# હવે મા અમૃતમ્ વાત્સલ્ય કાર્ડ સરકારી હોસ્પિટલમાંથી કઢાવી શકાશે



ગાંધીનગર, કોરોના કાળમાં દર્દીઓની સારવાર માટે મા કાર્ડ દ્વારા લોકોને સસ્તી સારવાર મળી રહી છે. તે ઉપરાંત સંક્રમણની પરિસ્થિતિને જોતાં આવકના દાખલા કઢાવવાની મુશ્કેલીને ધ્યાને લઈને રાજયના આરોગ્ય વિભાગે ગઈકાલે મા કાર્ડની મુદત આગામી ૩૧મી જુલાઈ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે હવે સરકારી હોસ્પિટલોમાં નવા મા કાર્ડ બનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જેથી બધા લાભાર્થીઓ આ યોજનાનો લાભ મળી શકે.

નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, રાજયના નાગરિકોને આકસ્મિક સંજોગોમા તથા ગંભીર બીમારીઓ સામે ત્વરિત સારવાર પુરી પાડવા માટે રાજય સરકારે "મા-અમૃતમ વાત્સલ્ય" યોજના કાર્યરત છે જેમા લાભાર્થીઓને આખા પરિવારદીઠ એક કાર્ડના બદલે હવે દરેક લાભાર્થીને વ્યક્તિગત ઓળખકાર્ડ આપવાનો આરોગ્ય વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય કરાયો છે.

તેમણે ઉમેર્યુ કે, મા/મા વાત્સલ્ય કાર્ડ નાગરિકોને હવે સરકારી હોસ્પિટલોમાંથી બનાવી આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા "આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના", "મા" યોજના અને "મા વાત્સલ્ય" યોજના અંતર્ગત નિયત માપદંડો ધરાવતા પરિવારોને કુટુંબદીઠ વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીનું આરોગ્ય કવચ વિનામૂલ્ય પૂરું પાડવામાં આવે છે. મા-મા વાત્સલ્ય કાર્ડ ધરાવતા લાભાર્થીઓ યોજના અંતર્ગત જોડાયેલી, માન્યતા મેળવેલી કોઈપણ સરકારી/ટ્રસ્ટ સંચાલિત અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવી શકે છે.

સરકારની જોગવાઈઓ મુજબ સમગ્ર રાજયમાં "મા - અમૃતમ્" અને "મા - અમૃતમ્ વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓને અગાઉ આખા પરિવારદીઠ એક કાર્ડ આપવામાં આવતું હતું. તેના બદલે હવે દરેક લાભાર્થીને વ્યકિતગત ઓળખકાર્ડ આપવામાં આવશે. દા.ત. એક પરિવારમાં પાંચ વ્યક્તિ હોય તો આ પહેલાં પાંચ વ્યક્તિ વચ્ચે એક જ કાર્ડ હતું. હવે પરિવારના પાંચ જણને અલગ-અલગ વ્યકિતગત કાર્ડ આપવામાં આવશે, જેથી સારવાર મેળવવામાં સરળતા રહેશે.

તેમણે ઉમેર્યુ કે, હાલમાં રાજયની સરકારી હોસ્પિટલ, સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં નવા કાર્ડ કાઢવાનું શરૂ કરી દેવામાં આવ્યુ છે. તેથી બધા લાભાર્થીઓ નવા કાર્ડ આ હોસ્પિટલોમાંથી કઢાવી શકશે. જ્યાં સુધી નવું કાર્ડ કાઢવામાં ના આવે ત્યાં સુધી જૂના કાર્ડ પરનો લાભ પહેલાંની જેમ જ ચાલુ રહેશે. જેથી કોઈની સારવાર અટકશે નહીં. "મા" યોજનાના દરેક લાભાર્થીઓએ હવે નવું કાર્ડ તાત્કાલિક મેળવી લેવા અનુરોધ છે જેથી જરૂરિયાત પ્રમાણે ૫ લાખ સુધીની સારવાર વિનામૂલ્ય મેળવી શકે તેમ તેમણે ઉમેર્યુ હતું.

(પાન નં.૧ નું ચાલુ)

## આનંદો...ગુજરાતમાં વિધિવત્.....

ઠંડક પ્રસરી હતી અને લોકોએ ગરમી અને બફારાથી રાહત અનુભવી હતી. દાદરા-નગરહવેલીના ખારવેલમાં ૧૨૯.૬ એમએમ અને સેલવાસમાં ૫૭ એમએમ વરસાદ નોંધાયો છે.

ગુજરાતમાં નૈઋત્યના ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે. હાલ નૈઋત્યનું ચોમાસું વલસાડ પહોંચ્યું હોવાના સમાચાર મળી રહ્યા છે. હવામાન ખાતા પ્રમાણે સામાન્ય કરતા ૬ દિવસ વહેલા ચોમાસું પહોંચ્યું છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. જેમાં સુરત, નવસારી, વલસાડ અને ડાંગમાં ભારે વરસાદ પડશે. તાપી, ભરૂચમાં પણ ભારે વરસાદની આગાહી કરાઈ છે. જયારે સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

રાજયના વાતાવરણને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. તેની સાથે કહેવામાં આવ્યું છે કે,આવનારા પાંચ દિવસમાં ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદ આવશે. કેટલાક વિસ્તારોમાં પવન સાથે વરસાદની આગાહી કરાઈ છે. પ્રિ-મોન્સૂન એક્ટિવ થતા આગાહી વરસાદની છે. રાજયમાં આગામી ૫ દિવસ રાજયના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

પવનમાં ભેજનું પ્રમાણ વધતા લોકો બફારાથી પરેશાન થઈ રહ્યા છે. સુરત , નવસારી , વલસાડ ,ડાંગ ,તાપી , ભરૂચમાં ૧૧ અને ૧૨મી જૂને ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# કડાણાના કાજણી ગામેથી ઝોલાછાપ તબીબને પોલીસે ઝડપ્યો

કડાણા, કોરોના મહામારીમાં ડોક્ટરોનું ખૂબ મહત્વ રહેલું છે પણ છેલ્લા કેટલાક દિવસોમાં બોગસ ડોકટરો મોટા પ્રમાણમાં ઝડપાયા છે. વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મહિસાગર જિલ્લાના કડાણાના કાજણી ગામમાંથી બોગસ ડોકટરને પોલીસે ઝડપી પાડયો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર કડાણાના કાજણી ગામમાંથી બોગસ ડોક્ટર ઝડપાયો હતો. આ અંગે છેલ્લા કેટલાક દિવસોમાં બોગસ ડોકટરો મોટા પ્રમાણમાં ઝડપાયા છે. કડાણાના કાજણી ગામમાંથી બોગસ ડોક્ટર ડીગ્રી ન હોવા છતાં છેલ્લા કેટલાય સમય મેડિકલ પ્રેક્ટીસ કરતો હતો. અંબાલાલ વાલજીભાઈ મકવાણા છેલ્લા કેટલાય સમય થી બોગસ ડોક્ટર લોકો સાથે શારીરિક ચેડાં કરતો હતો. હાલમાં ચાલી રહેલા કોરોનાની મહામારીમાં લોકોના જીવ જોખમમાં મૂકી પ્રેક્ટીસ કરતો હતો. બોગસ ડોકટર સહિત ૩૬,૦૦૦ ની અલગ અલગ વાઓ પણ પોલીસે કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે. મહામારીમાં બોગસ ડોક્ટરો પાસે ડીગ્રીના હોવા છતાં દવા આપતા ક્યારેક દર્દીઓ તેનાથી મુશ્કેલીમાં મુકાઇ જતા હોય છે.

## વિરપુર તાલુકાનું ભાટપુર ગામે આઝાદીના ૭૦ વર્ષ બાદ પણ વિજળી જેવી સુવિધાના અભાવે લોકો અંધારું ઉલેચી રહ્યા છે



વિરપુર, વિરપુર તાલુકાના ભાટપુર ગામે આઝાદીના ૭૦ વર્ષ બાદ પણ ગ્રામજનો અંધારું ઉલેચી રહ્યા છે. આધુનિક યુગમાં લાઈટ જેવી સુવિધા થી વંચિત રહ્યા છે. પણ અત્યાર સુધી તંત્રની નજર પડી નથી કે આ ગામના રહિશોની અનદેખી અને ઉપેક્ષા કરાઈ છે.

મહિસાગર જીલ્લાના વિરપુર તાલુકાનું ભાટપુર ગામ આઝાદીના ૭૦ વર્ષ બાદ પણ વિકાસ થી વંચિત રહ્યું છે. આ ગામ વિકાસના કામોના નકશામાં સમાવેશ કરાયો નથી. કારણ કે, ભાટપુર ગામમાં આધુનિક યુગમાં પણ લાઈટ જેવી સુવિધા થી વંચિત છે. લોકો અત્યારે પણ અંધારું ઉલેચી રહ્યા છે. સરકારી તંત્રના વિકાસના રોડ મેપમાં જાણ ગામનો ઉલેખ ન હોય તેમ લાગી રહ્યું છે. આ ગામમાં રોડ રસ્તા બિસ્માર છે. મકાનો પણ જર્જરીત હાલતમાં જોવા મળી રહયા છે. ત્યારે તંત્ર વિરપુરના ભાટપુર ગામને લાઈટ, રોડ-રસ્તા જેવી સુવિધા પુરી પાડીને લોકોનું જીવન સ્તર બદલવા માટે ધ્યાન આપશે કે કેમ તે જોવું રહ્યું. આમ તો રાજ્ય સરકાર છેવાડાના ગામોના વિકાસ ગાથા રજુ કરતી હોય છે. ત્યારે વિરપુરનું ભાટપુર ગામ આટલા વર્ષો બાદ પણ વિકાસ થી વંચિત રહ્યું તેનું કારણ જાણીને સુવિધા પુરી પાડે તે જરૂરી છે.

## મહીસાગર જિલ્લા કલેકટર આર.બી. બારડના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની બેઠક ઝુમ એપ દ્વારા યોજાઇ

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની બેઠક જિલ્લા કલેકટર આર.બી.બારડના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી તેમજ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમના યુનીટ મેનેજર એ.જી.રાજપુરા,મેનેજર નિકુંજ શર્મા,જિલ્લા કૉર્ડિનેટર સની પટેલ અને પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેર બાંધકામ/તાંત્રીકની ઉપસ્થિતિમાં ઝુમ એપ દ્વારા યોજાઇ હતી.

જલ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત નલ સે જલ યોજનામાં જિલ્લાના તમામ ગામોને સો ટકા નળ કનેક્શનથી આવરી લેવા અને બાકી રહી ગયેલા ઘરોમાં પીવાના પાણી માટે નળ કનેક્શનની સુવિધા ઉભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ-૨૦૨૧-૨૨માં જિલ્લાના ૧૦૨ ગામ અને પરાઓમાં પાણી સમિતિઓ દ્વારા આયોજન કરાયેલ ૧૫૯૧૫ ઘરોમાં નળ કનેકશનથી પાણી આપવાની સુવિધા ઉભી કરવાની યોજનાના કામોની રૂા. ૨૯.૮૭ કરોડ ઉપરાંતની સિધ્ધાંતિક મંજુરી જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને ઝુમ એપ દ્વારા યોજાયેલ બેઠકમાં આપવામાં આવી હતી. પાણીની સુવિધા માટે મંજુર કરવામાં આવેલ આ યોજનાથી ૧૦૦ ટકા ઘરોમાં નળ કનેકશનથી પાણી આપવાની પ્રક્રિયા પૂર્ણ થશે. આગામી તા.૩૧ જુલાઇ સુધી જિલ્લામાં પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે પ્રમાણે આયોજન રાખવા પાણી પુરવઠાના અધિકારીઓને કલેકટરએ જણાવ્યું હતું.

## ધો. ૧૦-૧૨ના રિપીટર વિદ્યાર્થીઓએ માસ પ્રમોશનની માંગ સાથએ સૂત્રોચ્ચાર કર્યા

અમદાવાદ, ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. પરંતુ રિપીટર વિદ્યાર્થીઓ માટે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમની પરીક્ષા લેવામાં આવશે. ત્યારે રિપીટરોને માસ પ્રમોશન આપવાનો વિવાદ વધવા માંડ્યો છે. થોડા દિવસ અગાઉ રિપીટર વિદ્યાર્થીઓએ કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આજે ડીઈઓ કચેરી ખાતે બેનરો સાથે પરીક્ષા રદ કરવા માટે સુત્રોચ્ચાર કર્યા હતાં. તેમણે ડીઈઓને આવદેનપત્ર પણ આપ્યું હતું. જેમાં માસ પ્રમોશનની માંગ કરી હતી.

આજે ૨૫થી વધુ વિદ્યાર્થીઓ કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતાં અને બેનરો તથા સ્લોગનો સાથે ઓફલાઈન પરીક્ષાનો વિરોધ કર્યો હતો. વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે લાખો રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. તો અમને પણ આપો. જો રેગ્યુલર વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાઈ શકે તો અમારા હિતમાં કેમ નહીં. શું અમને કોરોના નહીં થાય? અમને માસ પ્રમોશન આપો અથવા તો ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરો.અમે પણ વિદ્યાર્થી જ છે.હાલની પરિસ્થિતિમાં ઑફલાઈન પરીક્ષા ના યોજવી જોઈએ. અમે પરીક્ષાનો વિરોધ નથી કરી રહ્યાં.આમરી ઓનલાઈન પરીક્ષા યોજાય તો અમે આપવા તૈયાર છીએ. સરકાર રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે નિર્ણય કરે છે તો રિપીટર્સ માટે પણ નિર્ણય લેવો જોઈએ.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૦૯-૦૬-૨૦૨૧, બુધવાર, વૈશાખ વદ-૧૪, સૂર્યોદય-૫-૨૨, સૂર્યાસ્ત-૭-૧૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ કૃતિકા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૦.૦૬.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.):- વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો.

વૃષભ(બ.વ.ઉ.):- કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે.

મિથુન(ક.છ.ઘ.):- તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે.

કર્ક(ડ.હ.):- સારા સમાચાર મળવાની શક્યતા છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે.

સિંહ(મ.ટ.):- તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

તુલા(ર.ત.):- તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો. તમારા પ્રિય લોકો ખુશખુશાલ છે તથા તમારે તેમની સાથે સાંજ માટે કોઈક યોજના ઘડજો.

વૃશ્ચિક(ન.ય.):- તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

મકર(ખ.જ.):- આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે અને તમારા પ્રિયપાત્ર બીજી તરફ હશે, બધું જ એકમેકમાં સમાયેલું જણાશે.

કુંભ(ગ.શ.સ.):- કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે। તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે.

મીન(દ.ચ.ઝ.):- તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા [redacted] આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શ[redacted]મની આર્થિક સ્થિતિ સુધરશે। ઘરમાં કેટલાક ફેરફારો તમને[redacted]નશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકાર[redacted]મહત્વ છે એવા લોકો સુધી પહોંચાડવામાં સફળ થશો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ATM ફ્રોડ : ૭૫ ATM કાર્ડ સાથે ગેંગના મુખ્ય સુત્રધારને ઝડપતી દાહોદ LCB પોલીસ

દાહોદ,

હરિયાણા રાજયની એટીએમ ફ્રોડ કરતી ગેંગના મુખ્યસુત્રધારને રાજસ્થાનના સજ્જનગઢ ખાતેથી દાહોદ એલ.સી.બી.પોલીસે ઝડપી પાડી તેની પાસેથી એટીએમ, લેપટો, સ્કેનર મશીન, રીડર મશીન તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૩,૧૮,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. થોડા સમય પહેલાંજ દાહોદના એક ૧૮ વર્ષીય યુવકના એટીએમમાંથી આ ભેજાબાજે રૂા.૮૫,૦૦૦ કાઢી લીધાનો ગુન્હો પણ દાહોદ શહેર પોલીસ મથકે નોંધાવા પામ્યો હતો.



ગત તા.૨૭.૦૫.૨૦૨૧ થી તારીખ ૩૧.૦૫.૨૦૨૧ના સમયગાળા દરમ્યાન દાહોદ શહેરના યાદગાર ચોક તથા રેલ્વે સ્ટેશનના એટીએમમાંથી દાહોદ શહેરમાં રહેતો એક ૧૮ વર્ષીય યુવકના એટીએમ કાર્ડ મારફતે કોઈ અજાણ્યા ચોર ઈસમે રૂા.૮૫,૦૦૦ રૂપીયા કાઢી લઈ ઠગાઈ કરી હતી. આ ગુન્હાની ગંભીરતાને દયાનમાં લઈ દાહોદ એલ.સી.બી.પોલીસ એક્શન મોડમાં આવી હતી અને ગુન્હાને શોધી કાઢવા એટીએમના સીસીટીવી ફુટેજની ઝીણવટ ભરી તપાસ હાથ ધરી હતી તે ઉપરાંત દાહોદ કમાન્ડ કંન્ટ્રોલ નેત્રમ ખાતેના સીસીટીવી ફુટેજોની પણ તપાસ હાથ ધરી હતી. દાહોદમા પ્રવેશતાં માર્ગોના સીસીટીવી ફુટેજો બારીકાઈથી અભ્યાસ કરતી તેમાં શંકાસ્પદ અપાચી મોટરસાઈકલ તેમજ સ્કોડા ગાડીના નંબરની માહિતી પ્રસ્થાપીત થઈ હતી અને ટેકનીકલ સોર્ષના માધ્યમથી આરોપીનું પગેરૂ મેળવતાં રાજસ્થાન રાજયના બાંસવાડા જિલ્લાના સજ્જનગઢ ખાતે અમીત રાજકુમાર મહાલા (સાંસી, મુળ રહે.હરીયાણા, હાલ રહે. સજ્જનગઢ, બસ સ્ટેશનની બાજુમાં) હોવાનું જણાવ્યું હતું.

પોલીસ તપાસ દરમ્યાન ૯૪ એટીએમ કાર્ડ, ૦૧ લેપટોપ, ૦૩ બેન્કની પાસબુક, ૦૧ કાર્ડ રીડર, ૦૬ બેન્કની ચેકબુક, ૦૧ સ્કેનર મશીન, ૦૨સીડી કેસેટ, ૦૧ આધાર કાર્ડ, ૦૨ મોબાઈલ ફોન, ૦૧ અપાચી મોટરસાઈકલ, રોકડા રૂપીયા ૩૮,૩૦૦ અને ૦૧ સ્કોડા ગાડી મળી પોલીસે કુલ રૂા.૩,૧૮,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉપરોક્ત પકડાયેલ આરોપી રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ગાંગતળાઈ તાલુકાના લંકાઈ ગામે બેન્ક ઓફ બરોડામાં પટાવાળા તરીકે છેલ્લા ચાર વર્ષથી નોકરી કરતો હતો. પોતે અને પોતાની ગેંગના સાગરીતો ભેગા મળી દાહોદ તેમજ આજુબાજુના વિસ્તારોમાં બેન્કના એટીએમમાં જઈ એટીએમમાં પૈસા ઉપાડવા આવતાં ઈસમોને મદદ કરવાના બહાને એટીએમ કાર્ડ પોતની પાસેના મશીનમાં એટીએમ કાર્ડના ડેટા લઈ તેના પીન નંબર જોઈ તેઓ પોતાના ઘરે જઈ લેપટોપ દ્વારા તે એટીએમના કાર્ડના ડેટા તેઓ પાસેના બ્લેન્ક કાર્ડમાં ટ્રાન્સફર કરી એટીએમ તૈયાર કરતાં હતા અને લગ અલગ જગ્યાએ જઈ એટીએમમાંથી પૈસા ઉપાડી લેતાં ગતાં.

ઉપરોક્ત પકડાયેલ આરોપીની પોલીસે પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લાના લીમડી, ઝાલોદ, દાહોદ શહેર તેમજ પંચમહાલ જિલ્લાના મોરવા હડફ, શહેરા તથા ગોધરા શહેર તેમજ અરવલ્લી જિલ્લાના મોડાસા, માલપુર તેમજ મહીસાગર જિલ્લાના લુણાવાડા વિગેરે જગ્યાએએ આ એમ.ઓ. વાપરી પૈસા ઉપાડ્યાં હોવાનું કબુલાત કરી હતી.

આમ, દાહોદ એલ.સી.બી. પોલીસે હરીયાણા રાજયની એટીએમ ફ્રોડ કરતી ગેંગના મુખ્ય સુત્રધારને ઝડપી પાડવામાં સફળતાં મેળવેલ છે.

## દાહોદના નિવૃત્ત વ્યકિતને અજાણ્યા વ્યકિતએ બેંક ખાતાનો OTP મેળવી ૩.૮૨ લાખ ઉપાડી છેતરપિંડી કરી

દાહોદ શહેરમાં એક ૬૩ વર્ષીય નિવૃત વ્યક્તિને કોઈ અજાણ્યા વ્યક્તિએ ફોન કરી લોભામણી લાલચ આપી બેન્ક ખાતાનો ઓટીપી નંબર મેળવી કુલ રૂા.૩,૮૨,૩૮૩ રૂપીયા બેન્કખાતામાંથી ઉપાડી લઈ વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. દાહોદ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ઓન લાઈન ફ્રોડ કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. લોકોને પોતાની લોભામણી જાહેરો, ગીફ્ટ વિગેરે આપવાના બહાને તેઓના બેન્ક ખાતામાંથી લાખ્ખો રૂપીયા પડાવી લેવામાં આવી રહ્યાં છે. ભુતકાળમાં પણ અનેક આવા કિસ્સાઓ પોલીસના ચોંપડે નોંધાઈ ચુંક્યાં છે ત્યારે વધુ એક બનાવને પગલે દાહોદ શહેરમાં ચકચાર મચી જવા પામી છે. દાહોદ શહેરના ગોધરા રોડ,હજારીયા ફળિયામાં હરી કૃષ્ણરાય સોસાયટીમાં રહેતા ૬૩ વર્ષીય નિવૃત એવા સુરેશભાઈ પ્યારેલાલ બિલરવાન દાહોદના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના પરેલ ફ્રિલેન્ડગંજ શાખામાં આવેલ સંયુક્ત સેવીંગ ખાતામાંથી કોઈ અજાણ્યા ઈસમે તેમના મોબાઈલ ફોન પર ફોન કરી, આગોતરૂ કાવતરૂં રચી અને લોભામણી જાહેરાત ઓપી ઓટીપી નંબરો મેળવી લીધાં હતા અને સુરેશભાઈ પ્યારેલાલ બિલરવાનના ખાતામાંથી કુલ રૂા.૩,૮૨,૩૮૩ તેમની જાણ બહાર તેમના બેન્ક એકાઉન્ટમાંથી ઉપાડી લઈ વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ સંબંધે સુરેશભાઈ પ્યારેલાલ બિલરવાને દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં યુવકના બ્લેડરમાંથી ૩૦૦ ગ્રામની ૧૪ પથરી નીકળી



દાહોદ,

દાહોદમાં પેટના અસહ્ય દર્દની પીડા ધરાવતા યુવકના પેટમાંથી ૧૪ પથરી કઢાઈ હતી. એક વર્ષથી પેટમાં અસહ્ય દુ:ખાવા અને પેશાબમાં મુશ્કેલીની ફરિયાદ સાથે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ૪ જૂનના રોજ આવેલા ૨૫ વર્ષ યુવકનું ઓપરેશન કરાયું છે. દાહોદ નજીકના વિસ્તારનો ૨૫ વર્ષીય યુવક જથીના રોજ હોસ્પિટલમાં આવ્યો હતો. જયાં તબીબો દ્વારા ૨ દિવસમાં ૫ થી ૬ પરીક્ષણો કરવામાં આવ્યાં હતાં. જેમાં રેડિયોલોજિસ્ટોની ટીમે યુવકના બ્લેડરના ભાગે ૧૪ પથરીઓ હોવાનું નિદાન કર્યું હતું. ત્યારબાદ તા.૭ના રોજ સર્જન ડો. હાર્દિક ભોંકણ અને એનેસ્થેટિક ડો.આનંદની ટીમ દ્વારા ઓપરેશન કરી બ્લેડરમાંથી ૧૪ પથરીઓ કાઢવામાં આવી હતી. હાલમાં યુવકની હાલત સ્થિર છે.

## દાહોદ જીલ્લાના અલગ-અલગ બે સ્થળો થી ૩ બાઈકોની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ મોટરસાઈકલ ચોરોએ તરખાટ મચાવી કુલ ૦૩ મોટરસાઈકલોની ઉઠાંતરી કરી લઈ નાસી જતાં ચકચાર મચી જવા પામી છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી મોટરસાઈકલ ચોરીની ઘટનામાં ઘરખમ વધારો જોવા મળી રહ્યો છે. મોટરસાઈકલ ચોર ટોળકીને જાણે મોકળું મેદાન મળ્યું હોય તેમ લાગી રહ્યું છે . ત્યારે દાહોદ જિલ્લામાંથી વધુ ૦૩ મોટરસાઈકલ ચોરીની ઘટના સામે આવી છે. જેમાં પ્રથમ બનાવ ધાનપુર તાલુકાના કંજેટા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૩ જુનના રોજ કંજેટા ગામે ચોકડી નજીક રહેતાં સંદિપકુમાર મોતીભાઈ માલીવાડે પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલ કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સંદિપકુમાર મોતીભાઈ માલીવાડે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મોટરસાઈકલ ચોરીનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના આમલી ઝોઝ નાડાતોડ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૧ જુનના રોજ દેવગઢ બારીઆ તાલુકાના માંડવ ગામે પટેલ ફળિયામાં રહેતાં નટુભાઈ કાનજીભાઈ કોળી આમલી ઝોન નાડાતોડ ગામે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને તેઓએ પોતાની મોટરસાઈકલ આ વિસ્તારમાં લોક મારી હતી તેઓની સાથે અન્ય એક વ્યક્તિએ પણ પોતાની મોટરસાઈક્લ આજ વિસ્તારમાં લોક મારી પાર્ક કરી હતી. આ બંન્ને મોટરસાઈકલોને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી બંન્ને મોટરસાઈકલની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે નટુભાઈ કાનજીભાઈ કોળીએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆના સાગારામા ગામ પાસેથી ખેરના લાકડા ભરી જતી એક ગાડી સાથે ચાલકને ઝડપી પાડતું વન વિભાગ

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના સાગારામા ગામેથી પસાર થતી એક ખેરના લાકડા ભરેલી ગાડીને વન વિભાગ દ્વારા ફિલ્મી ઢબે પીછો કરી ચાલક સાથે ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગત અનુસાર દેવગઢ બારીઆ તાલુકાના મેન્દ્રા ગામેથી ક્વોલિસે ગાડી નંબર જીજે.૦૬. બીએ. ૯૨૫૩ની ગાડીમા ખેરના લાકડા ભરીને જવાની છે. તેવી બાતમી દે.બારીઆ રેન્જના આરએફઓ પુરોહીતને મળતા તેઓએ તેમના સ્ટાફ સાથે વહેલી સવારથી જુના બારીઆથી મેન્દ્ર ચોકડી નાકાબંધી કરી હતી. તે વખતે બાતમીવાળી ગાડી આવતા તે ગાડીને ઉભી રખાવવા માટે ઈશારો કરતા ગાડીના ચાલકે પોતાની ગાડી ત્યાંથી ભગાવી મુકતા વન કર્મીઓ એ ફિલ્મી ઢબે આઠથી ૧૦ કીમી સુધી પીછો કરી સાગારામા ગામ નજીક ગાડીને આતરી ઝડપી પાડી તેના ચાલકને ઝડપી પાડી તેનુ નામ ઠામ પુછતા અનસ સુકીઆ રહે. ગોધરાનું હોવાન જણાવેલ અને ગાડીમાં જોતા ખેરના લાકડાના પુઠા નં.૨૧ મળી આવેલ જે બાબતે પાસ પરમીટ અંગે પુછતા કઈ મળી આવેલ નહી અને ગેરકાયદેસર ખેરના લાકડા વહન કરતા ઝડપાઈ જતા વન વિભાગ દ્વારા લાકડા રૂા.૨૦,૦૦૦ અને ગાડીના ૮૦,૦૦૦ મળી કુલ ૧૦,૦૦૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઝાલોદના બલેન્ડીયા ગામ પાસેથી બાઈક ઉપર પસાર થતાં બે ફાઈનાન્સ કર્મીઓને લુંટારૂ એ રોકી ૨૫ હજારની લુંટ ચલાવી

દાહોદ,

ઝાલોદ તાલુકાના બલેન્ડીયા ગામે ફાઈનાન્સ કંપનીના પૈસાની ઉઘરાણી કરી નાણાં લઈ મોટરસાઈકલ પર સવાર થઈ પસાર થઈ રહેલા બે કર્મચારીઓને અજાણ્યા ચોર, લુંટારૂઓએ દ્વારા મોટરસાઈક્લ પર સવાર થઈ આવી ફાઈનાન્સ કંપનીના કર્મચારીને માર મારી તેઓની પાસેથી રોક્ડા રૂપીયા ૨૫,૩૦૦ તેમજ મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા.૨૭,૮૦૦ની મત્તાની સનસનાટી ભરી લુંટ ચલાવી લુંટારૂઓ નાસી જતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આશિષભાઈ ગુલાબભાઈ બારીયા (રહે. નાના આંબલીયા, તા.સીંગવડ,જિ.દાહોદ) અને તેની સાથે અન્ય એક વ્યકિત બચુભાઈ આ બંન્ને જણા ફાઈનાન્સ કંપનીમાં કામ કરે છે. ગત તા.૦૭ જુનના રોજ આશિષભાઈ અને તેમની સાથેનો સહ કર્મચારી બંન્ને પોતાની અલગ અલગ મોટરસાઈકલ પર સવાર થઈ ફાઈનાન્સ કંપનીના નાણાં રૂા.૨૫,૩૦૦ લઈ બેગમાં ભરી બલેન્ડીયા ગામેથી સાંજના ૦૬ વાગ્યાના આસપાસ પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન અજાણ્યા ત્રણ જેટલા ચોર, લુંટારૂઓ મોઢે રૂમાલ બાંધી, હાથમાં પથ્થરો લઈ દોડી આવ્યાં હતાં અને આશિષભાઈ અને બચુભાઈને લાકડી વડે, પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી તેઓની પાસેના રૂા.૨૫,૩૦૦, એક મોબાઈલ ફોન, આધાર કાર્ડ તેમજ બંન્ને મોટરસાઈકલોની ચાવીઓ લઈ નાશી ગયાં હતાં. આ સંબંધે લુંટનો ભોગ બનેલ આશિષભાઈ હુલાબભાઈ બારીયાએ ચાક્લીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી લુંટારૂઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદના કાર્યકારી કલેક્ટર રચિત રાજે દુકાને-દુકાને જઈ વેપારીઓને રસી લેવા સમજાવ્યા

દાહોદ,

દાહોદમાં રસીકરણનો વ્યાપ વધે એ માટે કાર્યકારી કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે એક નવતર પ્રયોગ હાથ ધર્યો હતો. ખાસ કરીને વેપારીઓમાં રસીકરણ પ્રત્યે જાગૃતિ વધે એ માટે તેઓ આજે બપોર બાદમાં બજારમાં નીકળ્યા હતા અને દુકાને દુકાને જઇને વેપારીઓ, તેમને ત્યાં કામ કરતા કામદારોને કોરોનાથી સુરક્ષિત થવા રસી લેવામાટે સમજાવ્યા હતા.

રચિત રાજ બસ સ્ટેન્ડ રોડ ઉપર આવેલી રતલામી સેવ ભંડાર ખાતે બપોર બાદ પહોંચી ગયા હતા. જ્યાં જઈને તેમના દૂકાનના માલિક અને કામદારો સાથે મુલાકાત કરી હતી. કાઉન્ટર કામ કરતા કામદારોને રસી લીધી કે કેમ ? એ બાબતની પૃચ્છા કરી હતી. અહીં કામ કરતા તમામ કામદારોએ કોરોના સામેની રસી લઇ લીધી હતી. પરંતુ, કામદારોના પરિવારજનોમાં કેટલાક લોકોએ રસી લીધી નહોતી. કામદારોના પરિવારજનોને પણ રસી મૂકાવી લેવા માટે સમજ આપી હતી. અહીં એક વિશેષ બાબત જોવા મળી હતી કે, રસી મૂકાવનારા કોઇ ગ્રાહક રસીકરણનું પ્રમાણપત્ર રજૂ કરે તો તેમને વિશેષ નમકીનની ખરીદી ઉપર પાંચ ટકા વળતરનો લાભ આપવામાં આવે છે. રાજે આ બાબતની પ્રશંસા કરી હતી.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

એ બાદ કાર્યકારી કલેક્ટર રાજ મહાલક્ષ્મી કિરાણા સ્ટોર્સ તથા મહાલક્ષ્મી ફ્રૂટ વેર બજારમાં પણ પહોંચ્યા હતા. અહીં તેમણે દૂકાન માલિકો સાથે રસીકરણ બાબતે ચર્ચા કરી હતી અને તેમને સમજાવ્યા હતા કે દાહોદ નગરમાં બે સ્થળોએ રસીકરણની કામગીરી ચાલી રહી છે. ગ્રાહકોને પણ આ સેન્ટરની માહિતી આપી કોરોના સામેની રસી મૂકાવી સુરક્ષિત બનાવવા વેપારીઓ પોતાની ભૂમિકા અદા કરે તેવી અપીલ કરી હતી.

રાજે ક્ષૌરકર્મીઓ, ઇલેક્ટ્રીક ગુડ્સ, રેસ્ટોરેન્ટ, શોપિંગ મોલ્સની પણ મુલાકાત લીધી અને તેમને પણ રસીકરણ બાબતે સમજાવ્યા હતા. રાજમાર્ગ ઉપર ફ્રુટ, બીજા સામાન્ય સામાન વેચતા ફેરિયાઓને પણ વારાફરતી મળ્યા હતા. તેમાંથી કેટલાક લોકોએ રસી લઇ લીધી હતી. એક વ્યક્તિએ રાજને એવી માહિતી આપી કે તેમણે કોરોના સામેની રસી લઇ લીધી છે, એટલે રાજે રસી લઇ લીધાનો મોબાઇલમાં આવતો મેસેજ દેખાડવા કહ્યું તો પેલી વ્યક્તિ ભોંઠી પડી ગઇ હતી. તેમને કાર્યકારી કલેક્ટરે સમજાવ્યા કે, આ તમારા આરોગ્યનો પ્રશ્ન છે અને જો તમે રસી લઇ લેશો તો કોરોનાની ઘાતક અસરથી બચી શકાશે.

રચિત રાજ એ બાદ બસ સ્ટેન્ડમાં પણ પહોંચ્યા હતા. અહીં રહેલા મુસાફરોની પણ પૃચ્છા કરી હતી. યુવાનો, વૃદ્ધો, મહિલાઓ, ડ્રાઇવરો સાથે રસીકરણ બાબતે ચર્ચા કરી હતી. એટલું જ નહીં, તેઓ બસ સ્ટેન્ડ અંદર રહેલા એનાઉન્સમેન્ટ સેન્ટર અંદર પહોંચી ગયા હતા અને ત્યાંથી તેમણે પોતાના સ્વરમાં માઇક ઉપર કોરોના સામેની રસી લેવા માટે મુસાફરોને માહિતી આપી હતી. બસની અંદર જઇને મુસાફરો સાથે સંવાદ સાધ્યો હતો. એક વૃદ્ધ મુસાફરે રસી મૂકાવી નહોતી. એ જાણી તેઓ આશ્ચર્ય ચકિત થઇ ગયા હતા. તેમણે તે વૃદ્ધ મુસાફરનો નંબર લઇ બે દિવસમાં રસી મૂકાવી લેવા સૂચના આપી હતી.

બસ સ્ટેન્ડ બહાર રહેલા રિક્ષાચાલકો સાથે પણ રાજે મુલાકાત લીધી હતી. અહીં રિક્ષાચાલકોને રસી લેવા અંગે સારી રીતે સમજાવ્યા હતા. એમાં એક રિક્ષા ચાલકે એવું બહાનું બચાવ્યું કે તે રસી લેવા માટે ગયો તો તેમની પાસે આરટીપીઆર ટેસ્ટનું પ્રમાણપત્ર માંગવામાં આવ્યું ! આ વાત સાંભળી રાજે તેમને જુઠુ બોલતા પકડી પાડ્યા હતા અને પોતાની સુરક્ષા માટે રસી લઇ લેવા સમજાવ્યા હતા.

કાર્યકારી કલેક્ટરએ વેક્સીનેશન ડ્રાઇવને મિશન મોડ ઉપર લઇ જવાનો નિર્ધાર કર્યો છે. તેમને એવું કહ્યું કે, કોરોના સામે રસી મૂકાવવી એ જ માત્ર સુરક્ષિત ઉપાય છે. હેલ્ધી પીપલ અને હેલ્ધી ઇકોનોમી માટે રસીકરણ આવશ્યક છે. આ બાબત દાહોદના વેપારીઓને સમજાવી હતી.

તેમની આ ડ્રાઇવમાં સાથે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.રમેશ પહાડિયા, નાયબ કલેક્ટર એમ. એમ. ગણાસવા, પોલીસ ઇન્સ્પેક્ટર વસંત પટેલ પણ જોડાયા હતા.

## દે.બારીયાના એક ચિત્રકારે લોકડાઉનના સમયનો ઉપયોગ પોતાની કળામાં કરી રતનમહાલ લેન્ડસ્કેપના આબેહૂબ ૫૦૦ ચિત્રોનું સર્જન કર્યું


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

માર્ચ ૨૦૨૦ થી શરૂ થયેલ કોરોના કહેર પછી થી સંપૂર્ણ અને આંશિક લોકડાઉનમાં અનેક લોકો અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તો લોકો આર્થિક મુશ્કેલીનો પણ સામનો કરવો પડ્યો સાથે જ ઘરમાં રહીને સમય કેવી રીતે પસાર કરવો આવી અનેક મૂંઝવણો વચ્ચે લોકો એ સમય પસાર કર્યો. ત્યારે આવા સમયનો ઉપયોગ કરીને દેવગઢબારીયાના ચિત્રકાર કેતનસિંહ ચૌહાણે પોતાના શોખ પ્રમાણે રંગ, પીછી અને કેનવાસના સહારે અદભૂત ચિત્રોનું સર્જન કર્યું. દાહોદ જિલ્લાનું પ્રખ્યાત રીંછ અભ્યારણ્ય રતનમહાલ કે જ્યાં કુદરતી સૌંદર્યનો અદ્ભુત નઝારો જોવા મળે છે. ચોમાસા દરમિયાન રતનમહાલના ડુંગરોમાં અનેક ધોધનો આનંદ લેવા મોટી સંખ્યામાં સહેલાણીઓ આવતા હોય છે. ગીચ જંગલ વિસ્તારમાં તમામ પ્રકારના જાનવરો પણ અહીં વસવાટ કરે છે. ત્યારે કેતનસિંહે રતનમહાલ લેન્ડસ્કેપના ૫૦૦ જેટલા ચિત્રોનું સર્જન કર્યું છે.

દેવગઢબારિયા ખાતે એનજીઓ અને ઓર્ગેનિક ખેતી સાથે સંકળાયેલા કેતનસિંહ ચૌહાણ ને બાળપણ થી પેઈન્ટીંગમાં રસ હતો અને અભ્યાસની સાથે ચિત્રકળા ઉપર હાથ અજમાવી આણંદની ઈકોવાલા સંતરામ કોલેજ ઓફ ફાઈન આર્ટ્સમાં અભ્યાસ કરી તે જ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે ત્રણ વર્ષ સુધી કળા પ્રેમી વિદ્યાર્થીઓને તાલીમ આપી હાલ દેવગઢબારિયામાં રહી એનજીઓ સાથે સંકળાઇ લોકસેવાના કામોની સાથે ઓર્ગેનિક ખેતી કરે છે. તો સાથે જ નાનપણ થી રહેલ પેઈન્ટિંગના શોખને લઈ ને નવરાશની પળોમાં દાહોદ જિલ્લાની પ્રકૃતિ રંગ અને પીછી વડે કેનવાસ ઉપર કંડારે છે. કેતનસિંહ ના અનેક ચિત્રો દેવગઢબારિયા, સંતરામપુર, જાંબુઘોડા સહિતના કલાપ્રેમી રાજવી પરિવારો એ ઊંચી કિમતમાં ચિત્રો ખરીદીને રાજમહલમાં રાખી મહેલોની શોભા વધારી છે.

છેલ્લા એક વર્ષમાં નવરાશના સમયમાં કેતનસિંહે રતનમહાલ અભ્યારણ્ય સ્થિત નળધા, જલધારા ધોધ, પીપરગોટા, પાનમ, અલિન્દ્રા, ભૂવેરો, ઉડલમહુડા, સનસેટ પોઈન્ટ, કંજેટા જેવા સ્થળો એ જઈ કેનવાસ ઉપર ૫૦૦ જેટલા લાઈવ ચિત્રોનું સર્જન કર્યું છે. મોન્સુન સિઝનના લાઈવ અને લેન્ડસ્કેપ સીરિઝ પેઈન્ટિંગ કરી રતનમહાલ સીરિઝ ના ૫૦૦ ચિત્રો તૈયાર કર્યા છે.

## દાહોદ જિલ્લાના હિરોલા બોરપાણી ફળીયામાં મનરેગા યોજના હેઠળ તળાવ ચેકડેમ અને કૂવાના કામમાં GRS ની બેદરકારી સામે આવી

દાહોદ,

દાહોદ જિલ્લાના હિરોલા બોરપાણી ફળીયામાં મનરેગા યોજના હેઠળ તળાવ ચેકડેમ અને કૂવાના કામમાં GRS ની બેદરકારી સામે આવી છે. TDO એ કારણદર્શક નોટીસ પાઠવી દિન બે માં ખુલાસો કરવા કારણદર્શક નોટીસ ફટકારતા ફફડાટ મચી જવા પામ્યો હતો.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર હિરોલા ખાતે આવેલ બોરપાણી ફળિયામાં મનરેગા યોજના હેઠળ ચાલતા કામોની તાલુકા વિકાસ અધિકારી ચેકડેમ તળાવ કૂવાઓની ઓચિંતી મુલાકાત દરમ્યાન મજૂરો અને મસ્ટરોમાં GRSની બેદરકારી સામે આવતા નોંધ લઇ દિન બે માં ખુલાસો કરવા કારણદર્શક નોટીસ ફટકારતા ફફડાટ મચી જવા પામ્યો હતો. સંજેલી તાલુકામાં હરેશ મકવાણાએ તાલુકા વિકાસ અધિકારી તરીકે ચાર્જ સંભાળતા જ અરજદારોની રજૂઆતો અને પંચાયતમાં થતા વિકાસના કામો અને સ્વચ્છતા જેવી સમસ્યાને લઈ મુલાકાતોનો દોર શરૂ કરતા કાગળ પર જ બોગસ કામ કરનારાઓ તાલુકાના કર્મચારીઓમાં ફફડાટ ફેલાઇ જવા પામ્યો છે. હિરોલા ખાતે આવેલ બોરપાળી ફળિયામાં મહાત્મા ગાંધી રોજગાર બાંહેધરી હેઠળ ચાલતા તળાવો ચેકડેમો અને કૂવાના કામગીરીની ઓચિંતી મુલાકાત દરમ્યાન દાળમાં કાળું જણાતા લતિ પ્રકાશ ભીખા પરમાર પાસે ચેકડેમ તળાવનાં કામમાં મસ્ટર કરતા મજુરોની પાંખી હાજરી, જ્યારે કૂવાના કામમાં મજૂર હાજર હતા પરંતુ મસ્ટર રોલ ઉપલબ્ધ ન હતું. ૪૯ જેટલા મતવિસ્તારોમાં મજુરોની હાજરી પૂરવામાં આવી નથી. જ્યારે અઠવાડિયા પહેલા કામ પૂર્ણ થયેલા કામના મસ્ત રોમા પણ હાજરી પૂરવામાં આવી નથી. આ તમામ બાબતની નોંધ લઈ તાલુકા વિકાસ અધિકારીએ જ્યારે સને બે દિવસમાં આધાર લેખિત આધાર પુરાવા સાથે ખુલાસો કરવા જણાવ્યું હતું. ખુલાસો કરવામાં નહીં આવે તો શિક્ષાત્મક કાર્યવાહી તથા ફરજ પરથી છુટા કરવા માટે દરખાસ્ત તૈયાર કરી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને મોક્લવા સહિતની નોંધ લઈ કારણદર્શક નોટિસ પાઠવી હતી. આ બાબતની જાણ થતા તાલુકામાં થતાં ચારે કોર તાલુકા અધિકારીની કામગીરીની વાહના થવા લાગી.

## દાહોદ જિલ્લાનાં ઉમેદવારો માટે લશ્કરમાં જોડાવાની સ્વર્ણિમ તક

દાહોદ,

દાહોદ જીલ્લાના અપરણિત પુરુષ ઉમેદવારો માટે નીચે મુજબની જગ્યાઓ માટે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, કનેલાવ ગોધરા, ખાતે તા.૦૫/૦૮/૨૦૨૧ થી ૨૨/૦૮/૨૦૨૧ દરમિયાન લશ્કરી ભરતી મેળો યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૭.૫ થી ૨૩ વર્ષની ઉમર ધરાવતા અને ધો.૮ પાસ કે તેથી વધુ ઉમર ધરાવતા ઉમેદવારોએ ભારતીય સેનાની વેબસાઇટ https://joinindianarmy.nic.in પર તારીખઃ- ૦૬/૦૬/૨૦૨૧ થી તા.૨૦/૦૭/૨૦૨૧ સુધી ઓનલાઈન અરજી કરનાર ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. ભરતી મેળામાં ભાગ લેવા આવતા ઉમેદવારોએ નોટીફીકેશનમાં આપેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. તેમજ જણાવેલ ડોક્યુમેન્ટ સાથે લઈ જવાના રહેશે. કોવીડ -૧૯ ની પરિસ્થતિના કારણે દરેક ઉમેદવારે ભરતીમાં જતા પહેલા ૭૨ કલાકમાં સરકારી દવાખાનામાંથી કોવીડ મુક્ત હોવા અંગેનું એપેન્ડીક્ષ ઈ મેળવીને ભરતીના દિવસે રજુ કરવું ફરજીયાત છે. તેમજ નોટીફીકેશનમાં જણાવેલ નિયત નમુનામાં એફિડેવિટ તથા અન્ય ડોક્યુમેન્ટ પણ સાથે લાવવાના રહેશે.

ઓનલાઈન અરજી કરેલ ઉમેદવારોને તા.૨૧.૭.૨૦૨૧ થી તા.૦૪.૮.૨૦૨૧ દરમિયાન પોતાના ઈમેલ આઈ.ડી.પરથી એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકશે. દરેક ઉમેદવાર કોઇપણ એક જગ્યા માટે અરજી કરી શકશે એકથી વધુ જગ્યા માટે અરજી કરી શકશે નહી. ભરતી અંગે વધુ માહિતી અને માર્ગદર્શન માટે https://joinindianarmy.nic.in પરના નોટીફીકેશન અને આર્મી રીક્રુટીંગ કચેરી, કેમ્પ હનુમાન સામે, શાહીબાગ, અમદાવાદ - ૩૮૦૦૦૩. ફોનઃ ૦૭૯-૨૨૮૬૧૩૩૮ અથવા મો.નં. ૯૯૯૮૫૫૩૯૨૪ નો સંપર્ક કરવા તેમજ જીલ્લા રોજગાર કચેરી, ત્રીજો માળ, જીલ્લા સેવા સદન, છાપરી, તા.જી-દાહોદ ફોનઃ ૦૨૬૭૩ - ૨૩૯૧૫૯ તેમજ ૬૩૫૭૩૯૦૩૯૦ નો જાહેર રજા સિવાયના દિવસોમાં સવારે ૧૦.૩૦ થી ૬.૦૦ દરમિયાન સંપર્ક કરવા એ.એલ.ચૌહાણ, ઈ.ચા. રોજગાર અધિકારી, દાહોદે એક યાદીમાં જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 245

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## હાલોલની ગુજરાત સરકાર મોડલ સ્કુલની શાળા પ્રવેશ સમયની ભુલના કારણે

# વિદ્યાર્થીનીનું વર્ષ બગડ્યું : હવે વિદ્યાર્થીની અસમંજસમાં દસમાંનો અભ્યાસ કરે કે બારમાનો

હાલોલ,
હાલોલની સરકારી મોડેલ સ્કૂલમાં ગંભીર છબરડો આવ્યો છે. ધોરણ ૧૦માં નાપાસ થયેલી વિદ્યાર્થિનીને ૧૧માં ધોરણમાં પ્રવેશ આપી દીધો. વિદ્યાર્થીનીનું ધોરણ ૧૨માંની પરીક્ષાનું ફોર્મ ભરતી વેળાએ સામે ભૂલ આવી હતી. ધોરણ ૧૦માં નાપાસ વિદ્યાર્થીનીના શાળા સંચાલકોની ભૂલના કારણે અભ્યાસના ૨ વર્ષ બગડ્યા.

હાલોલ જી. આઈ. ડી. સી. માં. આવેલી મોડલ સ્કૂલમાં બે વર્ષ અગાઉ ૧૦માં ધોરણમાં નાપાસ હોવા છતાં ૧૧માં ધોરણમાં એડમિશન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીના વાલીને ખ્યાલ ન હતો કે, વિદ્યાર્થીની દસમા ધોરણમાં નાપાસ થયેલ છે.





તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

> હું ધો.૧૦માં ભણી ત્યારે હવે ધો.૧૨માં આવી ત્યારે આ લોકો કહે છે કે, હું ધો.૧૦માં નપાસ છું. હવે મારી પરીક્ષા આપવાની કે નહીં તેની મને ચિંતા થાય છે.
>
> **વિદ્યાર્થીની, આશાબેન રાઠવા...**

ત્યારે સર્ટી રીઝલ્ટ લઈને બે વર્ષ અગાઉ મોડેલ સ્કૂલમાં એડમિશન માટે ગયા હતા. ત્યારે મોડલ સ્કૂલમાં સંચાલકો દ્વારા રીજલ્ટ જોયા વગર જ અગિયારમાં ધોરણમાં એડમિશન આપી દેવામાં આવ્યું હતું. અગિયારમાં ધોરણમાં પ્રવેશ મેળવી વિદ્યાર્થીનીએ ફાઈનલ પરીક્ષા આપી તે પરીક્ષા પાસ પણ કરી દીધી અને બારમાં ધોરણમાં આખું વર્ષ ઓનલાઈન પણ અભ્યાસ કર્યો, જયારે ૧૨માં ધોરણનું ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યું ત્યારે વર્ગશિક્ષકને ખ્યાલ આવ્યો કે, વિદ્યાર્થીની ધોરણ-૧૦માં નાપાસ છે. ત્યારે શિક્ષક દ્વારા એવું કહેવામાં આવ્યું કે, તું તો ધો.૧૦માં નાપાસ છે એટલા માટે તું બારમા ધોરણની પરીક્ષા નહીં આપી શકે.

ધોરણ ૧૦માં પોતે નાપાસ હોવાની વાત જાણીને વિદ્યાર્થીનીના પગ તળેથી જમીન ખસી જવા પામી હતી. સમગ્ર હકીકતની જાણ વિદ્યાર્થીને પોતાના વાલીને કરી હતી. વાલી દ્વારા આ મામલે શાળામાં સંપર્ક કરવામાં આવતા શાળા સંચાલકોએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીની આશાને ધોરણ ૧૦ની પરીક્ષા આપવી પડશે અને તે પાસ કર્યા પછી જ ધોરણ ૧૨ની પરીક્ષા આપી શકશે. ત્યારે વિદ્યાર્થીની તેમજ તેના વાલી માંગ કરી રહ્યા છે કે,શાળા સંચાલકો દ્વારા કરવામાં આવેલી ગંભીર ભૂલના કારણે વિદ્યાર્થીનીના બે વર્ષ બગડ્યા છે. ત્યારે તેની જવાબદારી કોની...? આ ગંભીર ભૂલ કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે. સમગ્ર બાબતે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા શાળાના આચાર્ય તેમજ વર્ગ શિક્ષક સહિત વિદ્યાર્થીની અને તેના વાલીને પણ જવાબદાર ઠેરવ્યા છે. જયારે આ પ્રકારની ભૂલ કરનાર શાળાના જવાબદારો સામે કાર્યવાહી કરવાની વાત કરી વિદ્યાર્થીનીને ધોરણ ૧૦ પાસ કરવું જ પડશે તેવો રાગ આલાપ્યો હતો. ત્યારે વિદ્યાર્થીની આશાના

> ધો.૧૨નું ફોર્મ ભરતી વખતે દયાનમાં આવ્યું તો વિદ્યાર્થીના ડેટા નાખ્યા તો તે સ્વીકારવામાં આવતું નથી. તો એના કારણે આ મુશ્કેલી પેદા થઈ છે. પરંતુ ધો.૧૦ની માર્કશીટ બરાબર જોવી પડે એવી છે. ૭૦ માર્ક અને 30 માર્કના ખાના બે હોય છે. ૭૦ માર્ક માંથી ૨૩ ર્માક આવા જોઈએ અને 30 માર્કના ખાનામાં ૧૦ માર્ક આવા જોઈએ. તો બન્ને માર્કનો સરવાળો ૩૩ થાય એટલે વિદ્યાર્થી પાસ થાય પરંતુ બન્ને ખાના જોયા વગર ટોટલ માર્કસનું ખાનું જોવે તો ભુલ પડવાની સંભાવના થાય છે. જે કોઈ જવાબદાર સામે અમે પગલાં લઈ શું અને બાકીના સ્કુલ સંચાલક અને આર્ચાયોએ પણ આ બાબતો દયાનમાં લેવી જોઈએ અને આવો કિસ્સો આપણી શાળામાં ન બને.
>
> **ભાનુ પંચાલ (DEO), પંચમહાલ**

અભ્યાસના બગડેલા બે વર્ષનું શું...? તે પ્રશ્નનો જવાબ હાલ કોઈ પાસે નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, શાળા સંચાલકોની ગંભીર ભૂલ એક વિદ્યાર્થીના અભ્યાસના બે વર્ષ બગાડ્યા છે. ત્યારે આ વિદ્યાર્થીને ધોરણ ૧૦ સુધીમાં એવું તો કેવું શિક્ષણ આપવામાં આવ્યું કે આ વિદ્યાર્થીની ધોરણ ૧૦ની પરીક્ષા આપ્યા બાદ બોર્ડ દ્વારા આપવામાં આવેલી પોતાની જ માર્કસીટને સમજી ન શકી, અને એટલું પણ જાણી ન શકી કે પોતે આપેલી પરીક્ષાનું શું પરિણામ આવ્યું છે.

## ગોધરા LCB પોલીસની લોગોવાળી બાઈકની ચોરી કરતી મધ્યપ્રદેશની ગેંગના એક આરોપીને ઝડપ્યો

ગોધરા,
ગોધરા શહેરના નાલંદા સ્કુલ નજીક આવેલ મકાનના કંપાઉન્ડ માંથી ૧૫ દિવસ અગાઉ પોલીસ લખેલ અપાચી મોટર સાયકલ ચોરી થયેલ હતી. ચોરી થયેલ બાઈક લઈને સંજેલી સુલીયાત થઈને સંતરામપુર તરફ ચોરીની રેકી કરવા નીકળેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે ગોધરા સુલીયાત પાસે વોચ ગોઠવીને મધ્યપ્રદેશના આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.



પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા ભુરાવાવ વિસ્તારના નાલંદા સ્કુલ પાસે આવેલ મકાનના કંપાઉન્ડમાં પોલીસ લખેલ સફેલ કલરની અપાચી બાઈકની ૧૫ દિવસ અગાઉ ચોરી થયેલ હતી અને બાઈક ચોરીની તપાસ એલ.સી.બી. પોલીસ ચલાવી રહી હતી. પોલીસને બાતમી મળી હતી કે, પોલીસ લખેલ અપાચી બાઈક હતરસીંગ વેસ્તભાઈ બામણીયા રહે.બહેડીયા, માલપુરીયા ફળીયા, તા.જોબર, મધ્યપ્રદેશ પોતાના વતનમાંથી ચોરીની બાઈક લઈને દાહોદ લીમડી થઈને સંજેલી-સુલીયાત થી સંતરામપુર તરફ ચોરીની રેકી કરવા નીકળેલ છે અને બાઈક ઉપર પોલીસવાળું લખાણ અને નંબર પ્લેટ કાઢી નાખેલ છે. તેવી બાતમી ગોધરા એલ.સી.બી. પોલીસને મળી હતી. બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે સુલીયાત ત્રણ રસ્તા ઉપર વોચ ગોઠવી હતરસીંગ વેસ્તાભાઈ બામણીયાને પોલીસની સરકારી ચોરીની બાઈક સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપીની પુછપરછ દરમ્યાન અન્ય બે સહ આરોપીઓ મુકેશ શંકરભાઈ બામણીયા, રાકેશ ગરમીયાભાઈ બામણીયાના નામ ખુલવા પામ્યા છે. અને અગાઉ એક વર્ષ અગાઉ દામાવાવ ગામે મકાન આગળ પાર્ક કરેલ બાઈકની ચોરી કર્યાની કબુલાત કરી છે.

## કોરોના વાયરસની ત્રીજી લહેરનો સામનો કરવા પંચમહાલ જિલ્લા વહીવટી તંત્રની પૂર્વતૈયારીઓ

ગોધરા,
કોરોના વાયરસની બીજી લહેર સમાપ્ત થવાના આરે છે. ત્યારે પંચમહાલ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અગમચેતી વાપરી ત્રીજી લહેરની સંભાવનાને દયાનમાં રાખીને પૂર્વતૈયારીઓ હાથ ધરી છે. બીજી લહેરના અનુભવને આધારે તંત્ર સજ્જ બની ગયું છે. કોરોના વાયરસની ત્રીજી લહેરમાં બાળકો વધુ સંક્રમિત થવાની શક્યતા દયાને રાખીને તંત્ર દ્વારા પૂર્વતૈયારીઓમાં બાળકો માટે ખાસ

> - ખાસ બાળકો માટે ૨૦૦ પથારીઓ, ૨૦ નિઓ નેટલ વેન્ટિલેટર્સની વ્યવસ્થા કરાશે.
> - ત્રીજી લહેરમાં બાળકો વધુ સંક્રમિત થવાની શક્યતાને દયાનમાં રાખી વ્યવસ્થાઓનું આયોજન.

વ્યવસ્થાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું કે, ત્રીજી લહેરનો સામનો કરવા માટે બાળકો માટે તાજપુરા કોવિડ હોસ્પિટલ ખાતે ૧૦૦ અને ગોધરા સિવિલ હોસ્પટિલ ખાતે ૧૦૦ એમ કુલ મળી ૨૦૦ પથારીઓની વ્યવસ્થા કરવામાં આવશે. જે પૈકી ૫૦ જેટલા બેડ ઓક્સિજન બેડ હશે તેમજ ૨૦ નિઓનેટલ વેન્ટિલેટર્સ બેડ હશે. અરોરાએ ઉમેર્યું કે નિષ્ણાંતો દ્વારાકોરોનાની ત્રીજી લહેરમાં બાળકો વધુ સંક્રમિત થાય તેવી સંભાવના દર્શાવવામાં આવી છે. ત્યારે આ સંભવિત જોખમને દયાનમાં રાખીને વ્યવસ્થાનું આયોજન અને પૂર્વતૈયારીઓ કરવામાં આવ્યા છે. બાળકોમાં કોરોના મેનેજમેન્ટને લઈને પિડીયાટ્રીશ્યન્સ, પેરા મેડિકલ સ્ટાફ અને આરોગ્યકર્મીઓની તાલીમ હાથ ધરવામાં આવી છે. બાળકોની સ્થિતિને દયાને રાખીને તેમના માટે જરૂરી દવાઓ પ્રવાહી સ્વરૂપની હોય છે. તેથી આવી દવાઓની ખરીદી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, બાળકોના કોરોના વોર્ડ ચાઈલ્ડ ફ્રેન્ડલી બને એવા પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. થર્ડ વેવમાં ઓક્સિજનની ખપત વધે તો તે સંભાવનાને દયાનમાં રાખીને વધુ ૯ પીએસએ પ્લાન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. જે પૈકી ૨ પ્લાન્ટ્સ-એક ગોઠડા ખાતે એક તાજપુરા ખાતે કાર્યરત થઈ ગયા છે.

## દિલ્હી-વડોદરા એક્સપ્રેસ વે નં. ૧૪૮/એન માટે સંપાદિત કરાયેલ જમીનના માલિકો/હિતધારકો હેતુ

ગોધરા,
સક્ષમ અધિકારી અને વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની એક અખબારી યાદીમા જણાવ્યા અનુસાર દિલ્હી-વડોદરા એક્સપ્રેસ વે નં. ૧૪૮/એન માટે પંચમહાલ જિલ્લામાં સંપાદન કરાયેલ જમીનના જમીનધારકો/હિત ધરાવતા ઈસમોને વળતર ચૂકવવા તથા સંપાદન હેઠળની જમીનનો કબજો સોંપવા બાબત જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમની જમીન આ હેતુ માટે સંપાદિત થઈ છે. તેવા સંબંધિત જમીનધારકો/હિત ધરાવનાર વ્યક્તિઓને વળતર મેળવી લેવા માટે જણાવવામાં આવ્યું છે. જે જમીનધારકોએ જરૂરી પુરાવા તથા બેન્ક ખાતાની વિગતો રજૂ કર્યા હશે તેઓને વળતરની રકમ તેઓના બેન્ક ખાતામાં RTGS થી જમા કરાવવામાં આવશે. જે જમીનધારકોએ જરૂરી પુરાવા તથા બેન્ક ખાતાની વિગત રજૂ કરી ન હોય તેઓએ તે તાત્કાલિક રીતે કચેરીમાં જમા કરાવવાના રહેશે, જે રજૂ થયા બાદ તેઓના ખાતામાં વળતરની રકમ RTGS થી જમા કરાવવામાં આવશે. જે જમીનધારકો/હિત ધરાવનાર વ્યક્તિઓએ નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૬૦ દિવસની અંદર જરૂરી આધાર-પુરાવા સક્ષમ અધિકારી અને વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી, ગુરૂકૃપા કોમ્પલેક્ષ, એલઆઈસી રોજ, ત્રીજે માળ, પંચમહાલ, ગોધરા ખાતે રજૂ કરી તેઓનું વળતર મેળવી લેવામાં આવેલ નહીં હોય તો તેઓએ વળતર મેળવી લીધાનું માની લેવામાં આવશે. નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૬૦ દિવસની અંદર જમીનધારકો/હિત ધરાવનાર વ્યક્તિઓએ સંપાદિત થયેલ જમીનનો કબજોવધારાના ખાસ જમીન સંપાદન અધિકારીને સુપ્રરત કરવાનો રહેશે તેમ કરવામાં કસૂર થયેથી જમીનનો કબજો પોલિસની મદદથી મેળવી લેવામાં આવશે તેની નોંધ લેવા આ યાદીમાં જણાવાયું છે.

## ૧૧ જૂનથી ગુજરાતીઓને મળશે ઢગલાબંધ રાહત : દુકાનો સાત વાગ્યા સુધી ખુલ્લી રહેશે : રાત્રી કર્ફ્યુ યથાવત

ગાંધીનગર,
મુખ્યમંત્રી વિજય રૂપાણીની અદયક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકમાં મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા છે.
તારીખ ૧૧ જૂન ૨૦૨૧ના સવારે ૬ વાગ્યાથી કેટલાક નિયંત્રણો હળવા કરવામાં આવશે. આ નિયંત્રણો તારીખ ૧૧ જૂનથી ૨૬ જૂન સવારે ૬ વાગ્યા સુધી હળવા કરવામાં આવ્યા છે.
મુખ્યમંત્રીએ કોર કમિટીની બેઠકમાં કરેલા વધુ અન્ય નિર્ણયો અનુસાર રેસ્ટોરન્ટ અને હોટલ આ સમયગાળા એટલે કે ૧૧ જૂન ૨૦૨૧ થી ૨૬ જૂન ના સમય દરમિયાન સવારે ૯ થી સાંજે ૭ સુધી તેની બેસવાની ક્ષમતા ના ૫૦ % સાથે ચાલુ રાખી શકાશે. ટેકઅવે રાત્રે ૯ સુધી અને હોમ ડિલિવરી રાત્રે ૧૨ વાગ્યા સુધી થઈ શકશે.

રાત્રી કર્ફ્યુનો અમલ તારીખ ૧૧ જૂન રાત્રે ૯ થી તારીખ ૨૬ જુન ૨૦૨૧ ના સવારે ૬ વાગ્યા સુધીના દિવસો દરમિયાન દરરોજ રાત્રે ૯ થી સવારે ૬ વાગ્યા સુધી કરવાનો રહેશે. તમામ દુકાનો, વાણિજ્યિક એકમો, લારી-ગલ્લા, શોપિંગ કોમ્પલેક્સ, માર્કેટયાર્ડ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ આ સમયગાળા દરમિયાન સવારે ૯ થી સાંજના ૭ સુધી ચાલુ રાખી શકાશે એટલે કે હાલની સમયમર્યાદામાં ૧ કલાકનો વધારો કરવાનો નિર્ણય મુખ્યમંત્રીએ કર્યો છે.

વાંચનાલય લાઈબ્રેરી તેની બેઠક ક્ષમતા ના ૫૦ ટકા સાથે અને બાગ બગીચા પણ સવારે ૬થી સાંજે ૭ સુધી આ સમયગાળા દરમિયાન ચાલુ રહેશે.

જીમ્નેશિયમ ૫૦ ટકા કેપેસિટી સાથે આ સમયગાળા દરમિયાન ચાલુ રાખી શકાશે અને એસ,.ઓ.પી.નું પાલન આવશ્યક રહેશે.

રાજ્યના જે વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ માટે જરૂરી પરીક્ષાઓ IELTS TOEFLવગેરે આપવાના હોય તેવા વિદ્યાર્થીના હિતને દયાનમાં લઈને મુખ્યમંત્રીએ આ પરીક્ષાઓ એસ.ઓ.પી.ના પાલન સાથે યોજવાની પણ છૂટ આપી છે.
રાજ્યમાં રાજકીય, સામાજિક (બેસણું) ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો વધુમાં વધુ ૫૦ વ્યક્તિની મર્યાદામાં એસ.ઓ.પી.ના પાલન સાથે આ સમયગાળા દરમિયાન રાખી શકાશે.

રાજ્યના તમામ ધાર્મિક સ્થાનો જાહેર જનતા માટે દર્શનાર્થે ખુલ્લાં રહેશે પરંતુ એક સમયે એક સાથે ૫૦થી વધુ દર્શનાર્થીઓ એકત્રીત ન થાય તેમજ એસ.ઓ.પી.નું પાલન અવશ્યપણે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. શહેરી બસ સેવાઓ અને એસટી બસ જેવી પબ્લિક બસ સર્વિસ ૬૦% પેસેન્જર ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.

આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉર્જા મંત્રી સૌરભ પટેલ, ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા મુખ્ય સચિવ અનિલ મુકીમ અને મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ કૈલાસનાથન ગૃહ ના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર મુખ્ય મંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે દાસ સહિત વરિષ્ઠ સચિવો પણઉપસ્થિત રહ્યા હતા.

## મોટા ફેરફારના એંધાણઃ સચિવ,કલેક્ટરથી માંડી DDO સુધીની બદલીઓનો તખ્તો તૈયાર

ગાંધીનગર,
આગામી એકાદ સપ્તાહમાં ગુજરાતના વહીવટી તંત્રમાં મોટા ફેરફાર થવાના એંધાણ છે.સચિવ, કલેક્ટરથી માંડીને ડીડીઓ સુધીની બદલી કરવાનો તખ્તો ઘડાઈ ચૂક્યો છે. ૧૦ જેટલાં આઈએએસને સારૂ પોસ્ટિંગ મળી શકે છે જયારે ૧૦થી વધુ સચિવોની બદલી થઈ શકે છે. આ ઉપરાંત જિલ્લા કલેક્ટરમાં ધરમૂળમાં ફેરફાર થવાના સંકેત છે. દિલ્હીથી લીલીઝંડી મળતાં જ બદલીઓની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. ગુજરાત સરકારની વહીવટી તંત્રમાં મોટા ફેરફાર કરવા સનદી અધિકારીઓથી માંડીને ડીડીઓની યાદી તૈયાર કરાઈ છે. સૂત્રોના મતે, અડધોડઝનથી વધુ જિલ્લા કલેક્ટરો પણ બદલાઈ શકે છે. આ ઉપરાંત સુરત સહિતના મોટા શહેરોમાં મ્યુનિ.કમિશ્નર પણ બદલવા નક્કી કરાયુ છે. સુરત મ્યુનિ.કમિશ્નર બંછાનીધી પાનીને પાટનગર ગાંધીનગરમાં સારૂ પોસ્ટિંગ મળે તેવી ચર્ચા છે. કોરોનામાં સારી કામગીરીની નોંધ લઈ સરકાર બંછાનિધી પાનીને શિરપાવ આપશે. આવા ઘણાં અધિકારીઓ છે જેને સારૂ પોસ્ટિંગ મળશે. ટૂંકમાં મ્યુનિ.કમિશ્નર પદે નવા ચહેરા હશે. આ ઉપરાંત પંકજ કુમાર, મુકેશપુરી, જે.પી.ગુપ્તા, હારિત શુક્લા સહિતના સનદી અધિકારીઓને અન્ય વિભાગોમાં નવી કામગીરી સોંપવામાં આવી શકે છે. દસેક સચિવોની બદલી થાય તેમ છે. ૧૦ જેટલા આઈએએસને પણ સારા સ્થાને પોસ્ટિંગ મળે તેવી શક્યતા છે. આ ઉપરાંત બોર્ડ નિગમમાં ફેરફાર થશે. સાતથી વધુ બોર્ડ નિગમના એમડીની બદલી થશે. ઘણાં વખતથી બોર્ડ નિગમમાં બદલાવ થયો નથી. સાથે સાથે ડીડીઓની ય બદલીની યાદી તૈયાર કરાઈ છે. વિધાનસભાની ચૂંટણીઓને પગલે સરકાર હરકતમાં આવી છે. દિલ્હીથી સંકેત મળતાં જ બદલીઓ કરવામાં આવશે.

## પાવાગઢ શ્રી મહાકાલીકા માતાજી મંદિર દર્શનાર્થીઓ માટે ૧૧ જુન થી કોરોના ગાઈડ લાઈન સાથે ખુલ્લુ મુકાશે



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,
કોરોનાની બીજી લહેર સાથે પાવાગઢ ખાતે આવેલ શ્રી કાલીકા માતાજીનું મંદિર ભાવિભકતોના પ્રત્યેક્ષ દર્શન માટે બંધ રાખવામાં આવ્યું હતું. જે ૧૧ જુન થી દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાશે. પંચમહાલના પાવાગઢ યાત્રાધામનું શ્રી કાલીકા માતાજીનું મંદિર કોરોનાની બીજી લહેરમાં સંક્રમણ ન ફેલાય તે હેતુથી દર્શનાર્થીઓ માટે પ્રત્યેક્ષ દર્શન માટે બંધ કરવામાં આવ્યું હતું. માતાજીના પ્રત્યેક્ષ દર્શન નહિ થતાં માંઈ ભકતોમાં નિરાશા જોવા મળતી હતી. ત્યારે હવે મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા ૧૧ જુન શુક્રવાર થી માતાજીના મંદિરમાં પ્રત્યેક્ષ દર્શન કરવા દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાશે. સવારે ૬.૦૦ થી સાંજના ૭.૩૦ સુધી દર્શનાર્થીઓ દર્શનનો લાભ લઈ શકાશે. બે મહિના બાદ દર્શનાર્થીઓ માટે માતાજીના દર્શન માટે મંદિર ખુલ્લુ મુકવામાં આવનાર છે. ત્યારે તમામ દર્શનાર્થીઓએ સરકારી ગાઈડ લાઈન મુજબ દર્શનાર્થીઓ માટે માસ્ક પહેરવા ફરજીયાત પહેરવું પડશે અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે.

## હાલોલના તરખંડાના ગુમ થયેલ યુવાનનો મૃતદેહ કુવા માંથી મળી આવ્યો

હાલોલ,
હાલોલ તાલુકાના તરખંડા ગામેથી યુવાન ગુમ થયેલ હતો. તે યુવાનનો મૃતદેહ અર્ધનગ્ન હાલતમાં બાઈક સાથે બાંધીને કુવામાં ફેંકી દીધેલ હાલતમાં મળી આવ્યો. પોલીસે ત્રણ શંકાસ્પદ યુવકોની અટકાયત કરાઈ.

વિસ્તૃત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના તરખંડા ગામે થી યુવાન ગુમ થયેલ હતો. તે ગુમ થયેલ યુવાનનો મૃતદેહ અર્ધનગ્ન હાલતમાં કુવા માંથી મળી આવ્યો. યુવાનને મોટર સાયકલ સાથે બાંધીને કુવામાં ફેંકી દેવમાં આવતાં મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે પોલીસને જાણ થતાં પોલીસે ઘટના સ્થળે દોડી આવી હતી અને યુવાનના મૃતદેહને બહાર કાઢીને પી.એમ. અર્થે મોકલી આપવામાં આવ્યો. યુવાનની હત્યામાં શંકાસ્પદ ત્રણ યુવકોની પોલીસે અટકાયત કરીને તપાસ હાથ ધરી છે. હાલ યુવાનની હત્યા કોને અને કયા કારણોસર કરવામાં આવી તે ખુલવા પામ્યું નથી. હાલોલ રૂલર પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.